## ગાંધીનગર મને ગમે છે...



**વિઠ્ઠલભાઈ જે. પરમાર**

ગુજરાત રાજયની સ્થાપના તા. ૧-૫-૧૯૬૦ના દિવસે કરવામાં આવી. કચ્છ-સૌરાષ્ટ્ર સિવાયનો ગુજરાત પ્રદેશ મહારાષ્ટ્ર સાથે મુંબઈ રાજ્યના નામથી ઓળખાતો હતો.

ગાંધીજીના નામથી ગુજરાતનું પાટનગર ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યું અને 'ગાંધીનગર' બન્યું. જ્યારે ગાંધીનગરની સ્થાપના થઈ તે સમયે ગાંધીનગર ઉજ્જડ, વેરાન ભાસતું હતું. રોડ રસ્તાઓ, વાહનવ્યવહાર વગેરે સુવિધાઓનો અભાવ હતો. ચારે તરફ વનરાજી ગાઢ જંગલ જેવું લાગતું, કોઈ અહિં રહેવા તૈયાર નહોતુ. ધીમે ધીમે અમદાવાદ તરફની તમામ સરકારી કચેરીઓ ગાંધીનગરમાં લાવવા સ્થળાંતર થવા લાગ્યું.

એ સમયે જુનુ વિધાનસભા, જુના સચિવાલય અને રાજય સરકારની કચેરીઓ બેસતી. આમ 'કર્મચારી નગર'' તરીકે જાણીતુ બન્યું. આમ ગાંધીનગર શહેરના રોડ, રસ્તાઓ, બસસેવા, એવા અનેક સુવિધાઓ ન હોવાથી સૂમસામ લાગતું. ધીમે ધીમે ગાંધીનગર બાળાઅવસ્થામાં ડગ માંડતા માંડતા આજે એક વટવૃક્ષ થઈને આપણી સામે ઉભુ છે. ગાંધીનગરના રાજમાર્ગો-સર્કલો ક, ખ, ગ, ઘ, ચ નામથી આજે પણ ઓળખાય છે. ગાંધીનગર 'ગ્રીન સીટી' તરીકેનું બિરૂદ મળ્યું. ગાંધીનગરવાસીઓ સરકારી નોકરી માટે અપડાઉન કરવા કોઈ તૈયાર નહોતા આજે ગાંધીનગરમાં જુના નવા સચિવાલય, વિધાનસભા, બાગ-બગીચાઓ, સ્કૂલો દરેક સમાજના ધાર્મિક સ્થળો-મંદિરો-વાડીઓ, શોપીંગ સેન્ટરો, ખાણી-પીણી બજારો, સીનેમા ઘરો, ન્યુ ગાંધીનગર અને હરણફાળ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.

આજે ગાંધીનગરવાસીઓ સવારે ફરવા હરવા કે સામાજીક પ્રસંગોએ બહાર જાય તો રાત્રે ગાંધીનગર સિવાય રાતવાસો ન રહે એવું ગાંધીનગર છે. ગાંધીનગર સુખ સાહેબી. સ્વર્ગ સમાન છે. ચારે તરફ વનરાજી, રાત પડે ગાંધીનગરના સર્કલો વગેરે કિડીયારૂ ઉભરાય છે. ખુશનુબુ વાતાવરણ, કુદરતના ખોળે ગાંધીનગર સાળેકળાએ ખીલી ઉઠયું છે. ધાર્મિક ત્યૌહારો જેવા કે નવરાત્રિ, દિવાળી, ઈદ દરેક ધર્મના લોકો ભક્તિભાવ-શાંતિથી ભાઈચારાથી ઉજવે છે.

ગાંધીનગરમાં આજે તમો નજર નાંખો તો એની કોઈ વાત થાય તેમ નથી. બહારથી સહેલાણીઓ ગાંધીનગર હરવા ફરવા આવે છે. હોટલ હવેલી, ઈન્દ્રોડા પાર્ક, મહાત્મા મંદિરની વાત થાય તેમ નથી. ગાંધીનગરનું રેલ્વે સ્ટેશન તેમજ મહાત્મા મંદિર ગાંધીનગરનું નજરાણું છે. એમાંય વળી ફાઈવ સ્ટાર હોટલ (હોટલ લીલા) ગાંધીનગરને ચાર ચાંદ તરીકે ઉમેરો થયો છે. અક્ષરધામ, પંચદેવ મંદિર એવા અનેક ધાર્મિક સ્થળો જોવા મળે છે. નવરાત્રિ પર્વ આવે એટલે ગાંધીનગરનો મિજાજ કઈ અલગ હોય છે. પાર્ટી-પ્લોટો ઉત્સવોની નગરી બની જાય છે. આમ ગાંધીનગર સ્વચ્છ સુંદર, શાંતિપ્રિય, પ્રદૂષણ મુક્ત શહેર, ધબકતુ શહેર, હરિયાળું નગર સ્વચ્છ સુંદર બની રહે એ દિશામાં પણ આપણે આપણા ગાંધીનગરને રળિયામણું બનાવીએ - સુંદર, સ્વચ્છ રાખીએ.

# વ્યસ્તતાની સાથે પોતાનો શોખ ઉજાગર રાખવો એ પણ એક કળા છે

## પ્રોફેસર તરીકે કાર્યરત હીર શાહ પોતાના વ્યસ્ત જીવનમાં પણ સમય ફાળવીને સુંદર ક્રીએટીવીટી કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં દિકરીઓ ભણતરની સાથે સાથે અવનવી ક્રિએટીવીટી કરવામાં ખૂબ આગળ વધી રહી છે. આધુનિક યુગમાં દિકરીઓ નોકરી કરવાની સાથે સાથે









પરિવારની સારસંભાળ અને પોતાના ગમતા શોખને પણ પ્રાથમિકતા આપી રહી છે. જેનું એક સુંદર ઉદાહરણ છે શહેરની દિકરી હીર શાહ. જે પોતાની કારકિર્દીમાં અને ક્રીએટીવીટીની દુનિયામાં અદભુત કામ કરી રહી છે.

સમર્પણ સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે કાર્યરત હીર શાહને અવનવા પેઈન્ટિંગ અને આર્ટનો અનેરો શોખ છે. કોલેજ લાઈફથી પોતાની આ ક્રીએટીવ દુનિયામાં રસ ધરાવે છે. જેમાં પોતાના મિત્રો અને પરિવારના સપોર્ટથી જોબની સાથે સાથે ક્રીએટીવ વર્ક માટે પણ સમય ફાળવે છે.

૧૪ આર્ટમાંથી ૭ આર્ટ શીખીને ઘણા બધા વર્કશોપ અને એગ્ઝીબિશનમાં ભાગ લીધો છે. તેઓ ૪ દિવસના વર્કશોપ કરાવે છે જેમાં લીંપણ આર્ટ, મંડેલા આર્ટ, વાર્લી આર્ટ, ક્વીલીંગ, પોર્ટ ડિઝાઈનિંગ, કેલી ગ્રાફી સહિત વિવિધ આર્ટ શીખવવામાં આવે છે.

લીંપણ આર્ટ, કેનવાસ પેન્ટિંગ, ઉડી કાર્ડ, કસ્ટમાઈઝ બર્થ ડે બોક્સ, મન્ડેલા આર્ટ, પોર્ટ ડિઝાઈનિંગ, રીથ ડિઝાઈનિંગ, વેડિંગ હેમ્પર્સ, વેલેન્ટાઈન ગીફ્ટ્સ, ચોકલેટ હેમ્પર્સના ઓર્ડર લેવામાં આવે છે જેમાં રૂ. ૨૦૦ થી ૩૦૦૦ રૂ. સુધીમાં સુંદર ચીજવસ્તુઓ ગ્રાહકોની પસંદગી મુજબ તૈયાર કરી આપવામાં આવે છે. વેલેન્ટાઈન ડે માટે અઢળક વેરાયટીઓ તૈયાર કરવામાં આવે છે જેમાં શહેરીજનો ઉમળકાભેર તેની ખરીદી કરતા આવ્યા છે. તહેવારો પ્રમાણે સુંદર સુંદર ગીફ્ટ બનાવતા હીર શાહ ભવિષ્યમાં સુંદર ગીફ્ટ શોપ બનાવવાનું સ્વપ્ર સાકાર કરવા તરફ જઈ રહ્યા છે.

# વોકિંગ કરવા નીકળો ત્યારે એક બૉટલ પાણી ઝાડને પણ આપોને...!!

## નવા વાવેલાં વૃક્ષોના જતન માટે જળસિંચન માટે "ગ્રીન આર્મી"ની અપીલ સોશિયલ મિડીયા પર ખુબ વાઇરલ થઇ રહી છે.

ગાંધીનગર, તા.૨૦

દર વર્ષે ઉનાળામાં વધતો જતો ગરમીનો પારો નાગરિકોને વૃક્ષોના નિકંદન બાબતે ચિંતા કરવા પ્રેરી રહ્યો છે. વિકાસનાં નામે તંત્ર દ્વારા કાઢવામાં આવતાં વૃક્ષોનાં નિકંદન સામે પ્રકૃતિપ્રેમીઓ દ્વારા અવારનવાર વિરોધ પ્રદર્શન સાથે આ નુકસાનની ભરપાઈ કરવાના પ્રયાસરૂપે નવા વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવતું હોય છે. જોકે નવા વાવેલા વૃક્ષોના રોપા મોટા થઈ ને વિકસે ત્યાં સુધી તેની જતનપૂર્વક સારસંભાળ લેવી ખૂબ જરૂરી હોય છે અને તે માટે ટ્રી-ગાર્ડ જેવી સુરક્ષા સાથે નિયમિત જળ સિંચન પણ કરવું પડે છે. સોશ્યલ મીડિયા પર છેલ્લા કેટલાક દિવસોમાં એક તસવીર ખુબ વાઈરલ થઈ રહી છે જેમાં એક પ્રકૃતિ પ્રેમી સંસ્થા "ગ્રીન આર્મી" દ્વારા નવા વાવેલા વૃક્ષોના છોડની આસપાસ સુરક્ષા માટે લગાડાયેલા ટ્રીગાર્ડની ઉપર એક બોર્ડ લગાડેલું દેખાય છે. આ બોર્ડ પર લખવામાં આવેલા શબ્દો "વોકિંગ કરવા નીકળો ત્યારે એક બૉટલ પાણી ઝાડને પણ





આપોને... લિ. તમને છાંયડો આપતું એક વૃક્ષ" પર્યાવરણ પ્રેમી નાગરિકોને ખૂબ આકર્ષી રહ્યાં છે. ખુબજ ટુંકા શબ્દોમાં સચોટ સંદેશો આ શબ્દો દ્વારા ગ્રીન આર્મી સંસ્થાએ પાઠવ્યો છે જેની તસવીર સોશિયલ મીડિયામાં ખુબ જ વાઈરલ થઈ રહી છે અને બળબળતા તાપમાં વૃક્ષોને પાણી પીવડાવવાનું કાર્ય કરવા માટે નાગરિકોને પ્રેરિત કરી રહી છે.





ગાંધીનગર બજરંગ દળ દ્વારા ત્રિશુલ દિક્ષા સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. બજરંગ દળના અગ્રણી શક્તિસિંહ ઝાલા દ્વારા આ સમારોહ યોજાયો હતો.

# વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ અસ્થિ સુમનનું સ્વાન રીવર, પર્થ-ઓસ્ટ્રેલિયામાં વિસર્જન

ગાંધીનગર, તા. ૨૦

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાના પંચમ વારસદાર વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજ ઓસ્ટ્રેલિયામાં પરિવ્રાજક સમ સત્સંગ વિચરણ કરીને હજારો હરિભક્તો પર સંસ્કાર વર્ષા કરીને સત્સંગની પુણ્યસલીલા સ્વાન રીવરમાં અવિસ્મરણીય દિને વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનાં પવિત્ર અસ્થિ સુમન-પુષ્પોનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ અસ્થિ સુમન વિસર્જન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા મોટેરા સંતો-મહંતો અને હરિભક્તોએ અસ્થિ કુંભનું કંકુ-ચોખા, અબીલ ગુલાલ, પુષ્પોથી વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજન અર્ચન કર્યા બાદ સર્વેએ આરતી ઉતારી હતી. જનમંગલના નામ રટણ સહ અને કઠોર હૃદયે સર્વે સંતો-ભક્તોએ અસ્થિ કુંભને વધાવ્યો હતો. ત્યાર સ્વામીજી મહારાજના અસ્થિ સુમનોનો અભિષેક સ્વાન રીવરમાં કર્યો. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સાર્વભૌમ નાદવંશીય પરંપરાના પાદારવિન્દથી પાવન થયેલી સ્વાન રીવર ઉત્સાહિત દીસતી હતી. વેદરત્ન આચાર્ય સ્વામીજી મહારાજ એવા પુરુષ હતા કે જેમનું અસ્થિવિસર્જન ચાણોદ,





હરિયાળી પાથરી છે. તેના પરિપાક રૂપે આજે પર્થ, સીડની, મેલબોર્ન, એડિલેડ, બ્રિસ્બેન વગેરે શહેરોમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિતો વસે છે. અષ્ટોત્તર શતનામ જનમંગલના નામોચ્ચાર સહ પૂજન અર્ચન સુસંપન્ન થયા બાદ પરમ પવિત્ર અવસરે સ્વાન રીવર પર્થના કાંઠે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું મહિમા ગાન, ધૂન અને કીર્તન સ્તવન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓના અનુગામી શ્રી સ્વામિનારાયણ ગાદીના પછી પરમ પૂજ્ય આચાર્ય સ્વામીએ પુણ્યસલિલા સ્વાન સરિતાને પાવન કરતાં હરિકૃષ્ણ મહારાજની દિવ્ય દ્રષ્ટિ દ્વારા અસ્થિ સુમન વિસર્જનના મુખ્ય સંકલ્પ સાથે પરમ પૂજ્ય આચાર્ય સ્વામી મહારાજે હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવતા વેદરત્ન આચાર્ય સાબરમતી નદી, મહિસાગર નદી-કડાણા ડેમ, પુણ્યસલીલા ભાગીરથી-ગંગા નદી, માંડવી સમુદ્ર, થેમ્સ રીવર-લંડન, લેઈક ડિસ્ટ્રિક્ટ - યુકે, મોમ્બાસા - હિન્દ મહાસાગર, આફ્રિકા અને સ્વાન રીવર, પર્થ ઓસ્ટ્રેલિયા વગેરેમાં કરવામાં આવ્યું હતું.

# રઘુવંશી એક્શન ગ્રૃપ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા સમાજના યુવાનો માટે વિનામૂલ્યે વિશેષ આયોજન

ગાંધીનગર, તા.૨૦

રઘુવંશી એક્શન ગ્રૃપ, ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં આર્થિક રીતે તકલીફ ધરાવતા યુવક-યુવતીઓ માટે વિનામૂલ્યે વિશેષ આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત સમગ્ર ગુજરાતમાંથી રઘુવંશી (લોહાણા) સમાજના સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં યુવાનો જેઓ ગાંધીનગર ખાતે કોઈ પણ કોચીંગ ક્લાસ સાથે જોડાઈને તૈયારી કરતાં હોય અને તેવા યુવક - યુવતીઓ માટે સંસ્થા દ્વારા ગાંધીનગર ખાતે વિના મૂલ્યે રહેવાની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

આગામી સમયે ગુજરાત સરકાર દ્વારા પંચાયત સેવા પસંદગી સેવા, ગ્રામ સેવક, તલાટી, કારકુન, સીની. ક્લાર્ક, મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની ભરતી સહિતની અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની અનેક જાહેરાતો બહાર પડેલ છે તેમજ અનેક પરીક્ષાલક્ષી જાહેરખબરો આવવાની શક્યતા છે. તો રઘુવંશી સમાજના યુવક-યુવતીઓ મોટા પાયે આ સુવિધાનો લાભ લે તેમ જણાવ્યું હતુ

આ સુવિધાનો લાભ લેવા તેમજ વિશેષ માર્ગદર્શન અર્થે એમ. જે. ઠક્કર, નિવૃત્ત આઈ.એ.એસ. (મો. ૯૯૭૮૪ ૦૫૮૮૪), પાર્થ ઠક્કર (મો.૯૮૨૫૬૦૮૭૪૪), દીલીપભાઈ એન. ઠક્કર (મો. ૯૯૦૯૫ ૮૧૭૬૦) નો સંપર્ક કરવા જણાવાયું હતુ

# સગીરા પર દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

## સગીરા સાથે લગ્ન કરવાની લાલચ આપી આરોપી ભગાડીને લઇ ગયો હતો

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર જિલ્લાના એક ગામમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડીને લઈ જઈ તેણી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં ગાંધીનગરની પોક્સો કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર જિલ્લાના એક ગામમાંથી ૧૭ વર્ષીય સગીરાનુ આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી કાયદેસરના વાલીપણાંમાંથી તેણીને ભગાડીને લઈ ગયો હતો. જયારે આરોપીએ તેણીની સાથે અવારનવાર શારિરીક સંબંધ બાંધ્યો હતો જેના લીધે તે ગર્ભવતી બની હતી જેથી તેણીએ એક દિકરાને પણ જન્મ આપ્યો હતો. આ બનાવ સંદર્ભે કલોલ તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઇ હતી પોલીસે આરોપી ભીખાજી પ્રતાપજી ઉર્ફે ભલાજી ઠાકોર વિરુધ્ધ ગુન્હો નોંધી ગાંધીનગરની પોકસો કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. જેના અંતે આ કેસ સ્પે પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલ કરી હતી કે આવા ગંભીર ગુન્હા બદલ આરોપીને સખત સજા થવી જોઈએ. ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટના જજ એસ એન સોલંકીએ આરોપીને ૧૦ વર્ષની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩ કેસ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૨ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૧૬૧ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં કુલ ૬૭,૩૨૫ રસીના ડોઝ આજના દિવસમાં આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૯૨ એક્ટિવ કેસ છે. જે પૈકી એક પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તો બીજી તરફ ૯૨ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦૯૪૨ નાગરિકોનાં મોત થઈ ચુક્યા છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

# યુનાઈટેડ કિંગડમના વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોન્સન ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાત લેશે



ગાંધીનગર,તા.૨૦

યુનાઈટેડ કિંગડમના માનનીય વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન તેમની ભારત મુલાકાતના કાર્યક્રમના ભાગરૂપે આવતીકાલે તારીખ ૨૧મી એપ્રિલના રોજ નિર્માણાધીન બીજીયુની મુલાકાત લેશે. ગુજરાત સરકારના ફ્લેગશીપ પ્રોજેક્ટ એવી 'ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી' આશરે રૂ.૨૦૦ કરોડના ખર્ચે પ્રતિષ્ઠિત ગિફ્ટ-સિટી ખાતે આકાર લઈ રહી છે; જેમાં ઉત્પાદનોની નાવીન્યસભર વિચારને કેન્દ્ર સ્થાને રાખીને દેશના યુવા માનસ સંશોધન કાર્યો કરશે.

રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી યુકેના વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોન્સનનું સ્વાગત કરશે. તેમની આ મુલાકાત બંને દેશો વચ્ચે શિક્ષણ, આરોગ્ય અને ટેકનોલોજીમાં સહયોગ પર કેન્દ્રિત છે. શ્રી બોરિસ જોન્સન ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીમાં નિર્માણાધીન ઉચ્ચ સ્તરની સંશોધન સુવિધાઓની મુલાકાત લેશે અને જીબીયુ માટે સંશોધન વિદ્વાનો, લેબ ટેકનિશિયન અને ફેકલ્ટી સભ્યો સાથે વાર્તાલાપ કરશે. તેમને યુનિવર્સિટીના હેતુ અને તેની કામગીરીના ક્ષેત્રો અંગે માહિતગાર કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન સહયોગના નેજા હેઠળ સંશોધન અને નવીનતાના ભાવિ માર્ગો અંગે ચર્ચા કરશે.

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં યુકેની એડિનબર્ગ યુનિવર્સિટી સહયોગી બની રહી છે. જીબીયુ એ બાયોટેકનોલોજીમાં ઉચ્ચ શિક્ષણની યોજના માટે 'જીવંત પ્રયોગશાળા' હશે. આ જીબીયુની સ્થાપનાથી આશા છે કે આ મોડેલ સમગ્ર ભારતમાં આદર્શ મોડેલ હશે. જીબીયુથી ઉચ્ચ શિક્ષણમાં યુકે અને ભારત વચ્ચે ઊંડા અને અર્થપૂર્ણ ભાગીદારી માટે અગ્રતા સ્થાપિત થશે. યુકેના વડાપ્રધાનની જીબીયુની મુલાકાત સમગ્ર ભારત અને યુકેમાં શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટેની નોંધપાત્ર તકને પ્રકાશિત કરશે. ઉપરાંત, ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી જીવનપર્યંત વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતના વિકાસને આગળ ધપાવતા એન્જિનનો એક ભાગ બનશે. જે ઉદ્યોગ માટે તૈયાર પ્રતિભા, એક નવીન ઈકોસિસ્ટમ અને રિસર્ચ ક્ષેત્રે મૈત્રીપૂર્ણ સંસ્થાકીય ભાગીદારી પ્રદાન કરશે.

# વિધાનસભા ખાતે યોજાયેલી "હિમાલયન મેડિટેશન" ધ્યાન યોગ શિબિરનું સમાપન

**સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીજીના સાનિધ્યમાં યોજાયેલી શિબિરનો અધ્યક્ષ અને મંત્રીઓએ પણ લાભ લીધો**

ગાંધીનગર, તા.૨૦

ધ્યાન, યોગ અને પ્રાણાયામ એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિની અનોખી દેન છે અને હવે ખાસ કરીને કોરોના મહામારી પછી સમગ્ર વિશ્વને નવો રાહ ચીંધી રહી છે. ગાંધીનગર ખાતેની ગુજરાત વિધાનસભા સંકુલમાં યોજાયેલી ત્રિદિવસીય "હિમાલયન મેડિટેશન" ધ્યાન યોગ શિબિરનું આજે સમાપન થયું હતું. આ શિબિર સુપ્રસિદ્ધ હિમાલયના સમર્પણ ધ્યાન યોગના પ્રણેતા મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીજીના સાનિધ્યમાં યોજાઇ હતી જેનો વિધાનસભાના અધ્યક્ષ ડૉ.નીમાબેન આચાર્ય સહિત ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીઓએ પણ લાભ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે "હિમાલયન મેડિટેશન" ધ્યાન યોગ શિબિર તા.૧૮થી ૨૦ એપ્રિલ દરમ્યાન દરરોજ સાંજે ૪થી ૬ વાગ્યા સુધી વિધાનસભા સંકુલના શાસકપક્ષમાં સભાખંડ ખાતે યોજવામાં આવી હતી.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
- પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર
- ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ
- શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.